શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાળ જૈન મહાજન
જ્ઞાતિનું કેન્દ્રવર્તી મહાજન

# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

SAMAST MAHAJAN MEDIA COMMITTEE

ઈ-મેગેઝીન • વર્ષ : ૫ • સળંગ અંક : ૩૪૨ • તા.૨૮ ડિસેમ્બર ૨૦૨૪ થી ૩ જાન્યુઆરી ૨૦૨૫

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, C/o. Jaydeep Group, # 203, Jaydeep Emphasis, 2nd Floor, Opp. PNB Bank, Near Datta Mandir, Above Saraswat Bank, Waghle Estate, Thane (West), Mumbai - 400 604.


# જ્ઞાતિના જરૂરતમંદ દરદીઓને

KDO SANJIVANI

# ત્વરિત સહાયતા આપતી સંજીવની સમિતિ


Diamond manufacturers,
Exporter's & Importer's
Exclusive designer jewellery
Dealing with EF - VVS quality
Own manufacturing unit in Mumbai & Chennai
GJF
Life Member
SHUBH
DIAMONDS
Happy New year
2025
RAJESH MOMAYA
9884149494
# 128, Cathedral Road, No.2, 5 th Floor Crown Court Building, Chennai-600 086.
For Business Queries : 044-4314 1444
www.shubhdiamonds.com
Contact : 9884899494
E.Mail : pratik.mota@shubhdiamonds.com
-: શુભેચ્છા સહ :-
માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર
(ગામ - સાયરા)


જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા

**-: સંપાદક ગણ :-**

નીશિથ આનંદ દંડ
જયંત વસનજી છેડા
રાજેન્દ્ર મણિલાલ ખોના
પ્રવીણ હંસરાજ લોડાયા
કીર્તિકુમાર ધનજી ધરમશી
ચંદ્રેશ વિરચંદ છેડા

**-: કાર્યાલય :-**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યહાર માટે સરનામું**

Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan
3, Anant Siddhi Building, Gr. Floor, LBS Marg, Bhandup (West), Mumbai - 400 078.

**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**
http://www.kdosm.org
Email : gyatimaiya2018@gmail.com

**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.

## અમારી વાત...

**સંપાદક સ્થાનેથી**

# સ્વાર્થ સ્વને અંધ બનાવે છે

જીવન એ અર્થનો મહાસંગ્રામ છે, જે સ્વાર્થ અને નિ:સ્વાર્થ વચ્ચેનો છે. આ બંન્ને અર્થ વચ્ચેનો સંઘર્ષ છે. પ્રત્યેક વ્યક્તિ પોતાનો મતલબ જોઈ બીજાની સાથે વ્યવહાર કરે છે. આ રાગ, અનુરાગ, મત અને મતાંતરની તો હઠ અને જડ માન્યતાની લડાઈ છે. સ્વાર્થની સંકુચિત ભાવના વ્યક્તિને ન કરવાનું કરાવે છે. સ્વાર્થએ સ્વનું લોભ છે જે વ્યક્તિઓને અંધ બનાવી તેને ન કરવાનું કરાવે છે. આ સ્વાર્થ વ્યક્તિ કે સંબધિત જણ સાથેનો સ્નેહ, પ્રેમ, લાગણી ભાઈબંધી જેવી ભાવનાનો પણ લોપ કરી માત્ર પોતાનું હિત આગળ વધારે છે.

સ્વાર્થ સંકુચિત ભાવનાનો વિસ્તાર કરાવે છે. જેમાં સગાઓનો સ્નેહ સૂકાઈ જાય છે, સ્નેહીઓ વચ્ચે ઊંચી દીવાલો ચણાઈ જાય છે. ગાઢ અને અતૂટ મૈત્રી તૂટીને જમીન દોસ્ત થાય છે. વર્ષોના વર્ષથી વિશ્વાસથી ચાલતા વ્યવહાર ખોડંગતા થઈ વેર વિખેર થઈ જાય છે. પહેલાં જેઓની દીર્ઘ દ્રષ્ટિ હતી તે હવે સીમિત દ્રષ્ટિથી જોતા થઈ જાય છે. પોતાના લાભ અને મતલબ સ્વાર્થ અને સ્વભાવના સિવાય તેને બીજું કંઈ દેખાતું નથી કે દેકાતું હોય છે. તે પ્રત્યે તેઓ તુચ્છ ભાવના દર્શાવી નજર અંદાજ કરે છે. આ ચતુરાઈનો ચક્રવ્યુહ એક દિવસ તેમને જ ચક્કરમાં લઈ તેનો વિનાશ કરે છે.

પોતાનો સ્વાર્થ સાકાર થાય એ માટે અસત્ય અનીતિ, દુરાચાર અને કપટનો આશરો લઈ પોતાનો કક્કો ખરો થાય એ હિતરાખીને પોતાના વર્તન ના વહાણનો સુકાન ફેરવે છે અને પોતે ધાર્યુ છે, જે નિર્ધાયુ છે તે કિનારે લાંગરે છે. આને તે સફળતા સમજે છે પણ એ પતનનો પાયો છે. એ તેને દેખાતું કે સમજાતું નથી તે માત્ર પોતાનો માર્ગ કંડારે છે. શ્રદ્ધા અને વિશ્વાસના તાંતણે આ જગતનો વ્યવહાર ચાલે છે. જ્યાં સત્ય સદાચાર અને સંનિષ્ઠભાવના પ્રર્વતે છે. ત્યાં ચિત પ્રસન્તા અનુભવે છે અને ત્યાંજ કોઈનો વિશ્વાસ બંધાય છે.

જિંદગીમાં સંબંધોનો સરવાળો કરીએ ત્યારે તેના લાભ ગુણાકાર થઈ આપણને પ્રાપ્ત થાય છે. પણ, સ્વાર્થ આ ગણિતને પણ ખોટા પાડી સંબધોના સરવાળાને ભાગાકારમાં બદલી કાઢી આપણું જ નુકસાન કરે છે. સ્વાર્થની સંકુચિત ભાવનાને લીધે જીવનમાં ઘણું બધું ગુમાવી દઈએ છીએ જેમાં સંબંધ, વિશ્વાસ, સ્નેહ, લાગણી મૈત્રી, મિલકત વિગેરે છે. નાની નાની વસ્તુઓના સ્વાર્થ પસંદ કરે એ તેની ટૂંકી સમજણ છે. સંકુચિત મનોવૃત્તિ મનોવૃતિ છે. પલ, શિક્ષિત, જ્ઞાની અને સમજુ ઈન્સાન જો આ રસ્તો અપનાવે એ તેની માટે અધોગતિનો પથ છે. જે આખરે તેને વિનાને આરે લઈ જાય છે. માટે વિચારવંત વ્યક્તિ નીતિમય પરોપકારી અને ઉદારવૃત્તિ ધરાવી આદર્શ આચાર ધર્મનું પાલન કરી પોતાના સંસ્કારનું સંવર્ધન કરી કલ્યાલ માગ કંડારેને જીવનને સાર્થક કરે.

– જ્ઞાતિમૈયા

# નવું વર્ષ આપે છે નવી શરૂઆત કરવાની તક

## સેક્રેટરીના બે બોલ..



નીશિથ દંડ
(સેક્રેટરી જનરલ)

નવું વર્ષ એટલે બેસતું વર્ષ. હિંદુ ધર્મ સંસ્કૃતિમાં દિવાળી પછીના દિવસે શરૂ થતું વર્ષ અને અંગ્રેજી કેલેન્ડરમાં નાતાલના દિવસો પછી કેલેન્ડરમાં આવતું ઈસવી સનનું નવું વર્ષ. કારતક માસના પ્રથમ દિવસથી આવેલ નવું વર્ષ દિવાળીના તહેવારોને કારણે મીઠાઈ-ફરસાણ અને આતશબાજીને કારણે તાજું તાજું યાદ રહે ત્યાર પછી કારતક, માગસર, પોષના મહિનાને એકમ, અગિયારસ, અમાસ, પૂનમ, ચૌદસ એ તિથિઓ આજની પેઢીને યાદ નથી રહેતા. તેમને નિસ્બત હોય છે ઈંગ્લિશ મન્થ અને તેની તારીખોની સાથે. ખાસ કરીને વ્યાપારીઓની સાથે સૌ શરૂઆતના દિવસોમાં વિશેષ કરીને ચેક ઉપર તારીખ લખવામાં સજાગ થઈ જઈને પછી જ તારીખ મહિનો અને સાલ લખે છે. કારણ કે અસાવધ થઈને ઉતાવળમાં કે ગત ૩૬૫ દિવસોની આદત મુજબ વર્ષ ૨૦૨૪ લખાઈ ગયું કે નુકસાની ભોગવાનો આવે. તો કોઈ આપણી ભૂલ દર્શાવે તો ભોંઠપ થવાનો વારો આવે. આ તો થઈ વર્ષ દરમ્યાન ચલાવેલ રૂટિનને નવા વર્ષમાં બદલાવ કરવા માટે લેવી પડતી કાળજી બાબતની વાત. પણ નવું વર્ષ આપણને નવો સંકલ્પ લઈ નવેસરથી શરૂઆત કરવાની તક આપે છે એ ભૂલવું જોઈએ નહીં. નવા વર્ષના આગમને દરેકએ જૂના વર્ષનો નફા નુકસાનનો તાળો મેળવવો જોઈએ. તો વ્યક્તિગત રીતે સૌએ નવા વર્ષના પ્રારંભે નવા સંકલ્પો, ન્યૂ રિઝોલ્યુશન્સ લઈને આપણામાં, આપણી કાર્ય પધ્ધતિમાં બદલાવ કરવો જોઈએ.

આપણા સંકલ્પ આપણા આરોગ્ય, વિષે, જ્ઞાન, સમજણ અને શિક્ષણ માટેના હોય, બગડેલા સંબંધોને સુધારવા માટેના હોય, આપણી આદત કુટેવ, કુસંસ્કારને સુધારવાના પણ હોય અથવા તો સહયોગી, મિત્રો, પડોશીઓ અથવા પરિચિતજનો સાથેની કટુતા પીગળાવી સરલ સંબંધ બાંધવા માટેના લક્ષ્યના હોય. ગત વર્ષમાં જે જે ભૂલો કરી હતી. તેમાંથી પાઠ ગ્રહણ કરી આગળની જિંદગી બહેતર કરવા ગતિમાન થવું જોઈએ. ગયેલા દિવસોની ભૂલોમાંથી પાઠ ગ્રહણ કરી ભરપૂર પ્રયત્નો કરવા જોઈએ. તે પછી પરિણામ કંઈ પણ આવે ભલે.


નવા વર્ષનો પ્રથમ દિવસ આત્મીયતા પ્રગટ કરવાનો, હતાશા રૂપી જામી ગયેલી ઉદાસીની ધૂળ ખંખેરવાનો દિવસ છે. નવા વર્ષના પ્રારંભિક દિવસો ચાર્જરનું કામ કરે છે. નવા વર્ષનો ઉત્સાહ ઉરમાં વહેતો દરેક દિવસ નવો નકોર રહેવાનું. નવું વર્ષ દરેકને મોકો આપે છે. બગડેલી બાજી સુધારવાની. નવું વર્ષ આપણને તક આપે છે નવી શરૂઆત કરવાનો માટે જૂના વર્ષના સારા નરસા અનુભવ, યાદોને પાછળ મૂકીને નવી આશાઓ, અપેક્ષાઓ સાથે આગળ વધીએ અને આવનારા સમયને ઝગમગતો બનાવીએ. વીતી ગયેલું વર્ષ કેટકેટલી ઘટનાઓ, પ્રસંગો, અઢળક વ્યક્તિઓ, વિચારો, અનુભવો આપણને ભેટ આપી ગયું છે. તેમાંથી આપણને ઉપયોગી થાય તેને સ્વીકારીએ, અણગમતાને છોડીને આગળ વધીએ. નવી તક, નવા પ્રસંગ અને નવા સંબંધને સહારે નવું વર્ષ સુંદર-સોહામણું અને રમણીય બનાવીએ.

# જ્ઞાતિજનોને આવ્હાન

આપણી જ્ઞાતિની વિરાસત ભવિષ્યમાં સચવાયેલી રહે સાથો સાથ આજની પેઢીને આપણી જ્ઞાતિની સંસ્કૃતિ-સંસ્કાર અને વિરાસતની આધારભૂત માહિતી મળે એ જરૂરી છે. જે માટે સમસ્ત મહાજન દ્વારા જ્ઞાતિ ગ્રંથનું સંકલન કરવાનું આયોજન છે. જે માટે માહિતી સંકલિત કરાઈ રહી છે.

જ્ઞાતિના સૌને જણાવવાનું કે આપની પાસે આપણી જ્ઞાતિ વિષેની માહિતી, વિગત, જાણકારી હોય તે લખીને ફોટા સાથે ઈમેઈલ kdogranth@gmail.com ઉપર મોકલવા વિનંતી. **વધુ વિગત માટે સંપર્ક : જયંત છેડા (ચેરમેન, કેડીઓ મીડિયા સમિતિ) ૯૮૬૯૦૦૫૪૦૩ કરવો.**

# સંજીવની કેસ નં.૧૬૫-૧૬૬ માટે જરૂરી ફંડ રૂા.પ.૩૮૫ લાખ રકમ પૂર્ણ થઈ જતાં ક્રાઉડ ફંડિગ બંધ કરાયું




સંજીવની અરજી કેસ નં.૧૬૫ની વિગત મુજબ જખૌ વિરારના ૭૫ વર્ષીય શ્રીમતી તારાબેન દામજી મૈશેરીને જનરલ ટોનિક-ક્લોનિક આંચકીના અસરને કારણે હોસ્પિટલમાં દાખલ કરવા પડ્યા હતા. એપિલેપ્ટીકસ શ્રાવ્ય પ્રક્રિયા બહેરાશનું નિદાન કરાયું.

માતાના મૃત્યુ પછી તેઓ તેમની બહેનોના પરિવાર સાથે રહે છે. ગૃહકાર્ય સાથે ઘરે બેસી સાડીઓને ફોલ બીડીંગ કાર્ય કરી અલ્પ કમાણી કરે છે. તેમની નથી કોઈ બચત કે નથી વીમાનું કોઈ કવચ. આવી વિકટ પરિસ્થિતિમાંથી ઉગરવા સંજીવની યોજનામાં મેડિકલ સમિતિ સમક્ષ અરજી મૂકી જે ક્રાઉડ ફંડિગમાં ખૂલ્લી મૂકાઈ જરૂરી રકમની પૂર્તતા નજીવા સમયમાં થઈ ગઈ હતી.

અન્ય કેસ નં.૧૬૬ ની વિગત મુજબ ૩૨ વર્ષીય મંજલ રેલડિયા-ડોંબિવલીના મેહુલ ખીમજી દંડ છેલ્લા ૧૫ વર્ષથી લિમ્ફેડેમા-એલિફેન્ટિયાસિસથી સખત રીતે પીડિત છે. બંન્ને પગે સોજા સાથે ભારે પણું, દુ:ખાવો અને લાલાશથી પીડાય છે. જેને કારણે તાવ, ઉલટી, ઉબકા અને શરીરમાં ચેપ વધવાની ત્રૂટક ત્રૂટક તકલીફ રહેતી હતી. જેની ઉપર રૂઢિગત ઉપચારો કારગત નીવડ્યા નહીં જેને લીધે તેમની માઈક્રોવારક્યુલર લિમ્ફનોડ ટ્રાંસફર સર્જરી કરવાની તાતી જરૂરિયાત છે.

નિવૃત્ત પિતા અને માતા જેઓ ગૃહઉદ્યોગમાં મદદ કામ કરે છે. જ્યારે તેઓ પોતે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટની ઓફિસ કારકુનીની નોકરી કરી લઘુતમ વેતન મેળવે છે. કોઈ ખાસ બચત નથી કે નથી કોઈ પ્રકારના વીમાનું પીઠબળ પરિવાર ભાડાની રૂમમાં રહે છે.

# સંજીવની કેસ નં.૧૬૫-૧૬૬ માટે જરૂરી ફંડ રૂા.૫.૩૮૫ લાખ રકમ પૂર્ણ થઈ જતાં ક્રાઉડ ફંડિગ બંધ કરાયું




યુવાન પુત્રની બીમારીને કારણે લાચાર દંડ પરિવાર સારવાર માટે જરૂરી અંદાજિત ખર્ચ રૂા.૫ લાખની રકમ માટે સમસ્ત મહાજનની મેડિકલ સમિતિની સંજીવની યોજના માટે અરજી મૂકી. દરેક પ્રકારથી તપાસણી કરી સદર અરજીનો કેસ ક્રાઉડ ફંડિગ માટે જાહેર કરાયો.

જેના પ્રતિસાદમાં બારોઈ કચ્છ-માટુંગાના શ્રીમતી કોકિલાબેન શરદભાઈ ખોનાએ રૂા.૧ લાખ તથા અન્ય એક અનામી-અજ્ઞાત દાતાએ પોતાની ઓળખ ગુપ્ત રાખી રૂા.૧ લાખની ઉદાર રાશિ દંડ પરિવારને મદદરૂપી નોંધાવી. તે સાથો સાથ નોંધપાત્ર સમયમાં જ સદર અરજી માટે જોઈતી રકમ રૂા.૫ લાખ પૂર્ણ થઈ જતાં ક્રાઉડ ફંડિગ સ્ટોપ કરાયું.

આજ સુધીના ૧૬૬ સંજીવની કેસ ઉદાર દિલ વ્યક્તિગત દાતાઓ, ટ્રસ્ટ, મંડળ, મહાજનોના માનવતા લક્ષી વલણ, વિચાર અને સત્કાર્યને લીધે સુખરૂપે પૂર્ણ થયા છે અને એ પણ ટૂંકા સમય દરમ્યાન આ ઉદારતા, માનવતા અને બંધુત્વ ભાવના નોંધનીય છે. ઉપરોક્ત બંન્ને અરજી કેસ સહિત આજ સુધીના દરેક અરજી કેસના સુખરૂપ ઉકેલ માટે સહયોગી થનારા સમર્પિત ભાવ રાખતા જ્ઞાતિજન શ્રેષ્ઠીઓની ઉદારતાને શત શત વંદન અને આવો પરોપકાર ભાવ કાયમ રાખશો એજ અભિલાષા.

ARIHANT BANK

# SHRI ARIHANT CO-OP. BANK LTD.

1st Jan - 30th June 2025

With LOWEST INTEREST Rates,
we are still very much Co-operative

STAMP FRANKING
Now Available

HOME LOAN
CAR LOAN
COMMERCIAL VEHICLE LOAN
SOLAR LOAN
*7.49% (p.a.)
*8.49% (p.a.)
GOLD LOAN
LOAN AGAINST PROPERTY
TRADE LOAN
LOAN AGAINST INSURANCE POLICY

*ROI linked to the CIBIL score.
Terms & conditions apply

Head Office : GB-10 A&B, Karma Stambh, L.B.S. Marg, Vikhroli (West), Mumbai - 400 083

| | | | | |
|---|---|---|---|---|
| Bhandup (West) 86526 30381 | Borivali (West) 86526 30390 | Dombivli (East) 86526 30386 | Ghatkopar (East) 86526 30383 | Ghatkopar (West) 86526 30385 |

| | | | | | |
|---|---|---|---|---|---|
| Masjid Bunder 86526 30384 | Matunga 86526 30389 | Mulund (West) 86526 30382 | Thane (West) 86526 30388 | Vashi 86526 30387 | Kamothe 86521 19656 |

SADA AAPKE SANG, ARIHANT
For More Details, Call Nearest Branch or
Toll Free : 1800 221 984
Working Hours : 10:30 am to 05:30 pm (Except Bank Holidays)

SADA AAPKE SANG, ARIHANT
www.arihantbank.com
@ Arihant Bank

# તિરૂપુરના શ્રી સુવિધિનાથ જૈન દેરાસર મધ્યે પોષદસ્મી નિમિત્તે પંચકલ્યાણક પૂજાની ધર્મ આરાધનાઓ કરાઈ

મંગળવાર, તા.૨૪ ડિસેમ્બર ૨૦૨૪ના સવારે ૯.30 કલાકે દક્ષિણ ભારત પંથકના તિરૂપુર નગર સંઘના શ્રી સુવિધિનાથ જૈન દેરાસર ખાતે સામૂહિક મહિલા મંડળ દ્વારા પોષદસ્મી નિમિત્તે પંચકલ્યાણક પૂજાનું આયોજન કરવામાં આવ્યું હતું. વિવિધ ધર્મ આરાધનામાં મોટી સંખ્યામાં સંઘની મહિલાઓ ઉપસ્થિત રહી ધન્ય લાભ લીધો હતો.

આ અવસર દિવસે સાકર પાણી એકાસણા માટે પરજાઉ તિરૂપુરના શ્રીમતી પુષ્પાવંતીબેન હંસરાજ નાગડા લાભાર્થી રહ્યાં હતાં. સામૂહિક મહિલા મંડળ તરફથી ઉપસ્થિત રહેલ સૌ બહેનોને પ્રભાવના કરવામાં આવી હતી.





# શ્રી ભલારા દાદા ટ્રસ્ટ લાલપુર દ્વારા ભલારા દાદા ભક્તોને ઉપયોગી વેબસાઈટ લોન્ચ કરાઈ

ગુજરાતના હાલાર પ્રાંતના લાલપુર મધ્યે આવેલા શ્રી ભલારા દાદા સ્થાનકનો મહિમા દિવસો દિવસ વધતો જાય છે. શ્રધ્ધાળુ ભક્તો, આસ્થાળુજનો દાદાના દર્શને આવવા ઉત્સુક રહે છે. સમયના બદલાતા તકાજાને સ્વીકારી સ્થાનકના સંચાલક ટ્રસ્ટ મંડળએ ભક્તજનોને બહુ ઉપયોગી થાય એવી વેબસાઈટ રોપિન જયચંદ નાગડાના અનન્ય સાથ સહયોગથી નિર્માણ કરી નવા વર્ષને આરંભે લોન્ચ કરી છે. www.jaibhalara.org (Beta Version) એ વેબસાઈટ આંગળીના ટેરવે લાલપુર સ્થાનકની માહિતી, દાદાનો ઈતિહાસ, જીવન પરચા, આરતી, થાળ, અરદાસ ભજન, લાઈવ દર્શન સાથે સાથે અનેક ઉપયોગ માહિતી જાણકારી ઘેરબેઠા મળશે. દાદાને ચરણે ધરાવવાની ભેટ રકમ પણ આ વેબસાઈટના માધ્યમથી નોંધાવી શકાશે. આ ઉપયોગી સેવાનો બહોળો લાભ લેવા સૌ ભક્તજનોને વિનંતી અને આ માહિતી આપના પરિચિતજનોને આપવા વિનંતી જેથી તેઓ પણ આ સુવિધાનો લાભ મેળવી શકે.

વેબસાઇટ અંગે તમારા સુઝાવો અને સૂચન આવકાર્ય છે તે માટે સંપર્ક - કુલિન લોડાયા (મુંબઈ) : ૯૮૨૦૮૬૯૭૦૮, પાયલ દંડ (લાલપુર) - ૮૧૬૦૧૦૭૦૭૧ અથવા ઈમેલ કરો - jaybhalaradadalalpur@gmail.com

# શ્રી છત્તીસગઢ કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન, રાયપુર દ્વારા પિકનિકનું આયોજન કરાયું




શ્રી છત્તીસગઢ કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન, રાયપુર દ્વારા રવિવાર, તા.૨૨-૧૨-૨૦૨૪ના એક દિવસીય પિકનિકનું આયોજન રાયપુરથી ૨૬ કિ.મી. દૂર કોકોનટ રિસોર્ટમાં રાખવામાં આવેલ. ૮૪ સદસ્યોએ સવારે ૭.૩૦ વાગે શ્રી કુંથુનાથ જિનાલય પાસે થી બસ દ્વારા રવાના થઈ સવારે ૯ વાગે રિસોર્ટ પહોંચી સર્વેએ નાસ્તો કરી વિભિન્ન રમતગમત ક્રિકેટ, બેડમિન્ટન રમીને બપોરે ૧૨.૩૦ વાગે ભોજનને ન્યાય આપ્યો સર્વેએ હાઉસી, મ્યુઝિકલ ચેર, પાસિંગ દ પાસ અને ઝુલાનો આનંદ લીધેલ. પાસિંગ દ પાસ હરીફાઈમાં પ્રથમ સૌ.અંકિતા મિલન મૈશેરી, દ્વિતીય સૌ.હેમલ મનીષ શાહ. સોંગ (ગીત)માં પ્રથમ શ્રીમતી સુનીતા વિજયભાઈ લોડાયા, દ્વિતીય સૌ.આરતી કુલીનભાઈ વિકમશી. YES યા NO માં પ્રથમ સૌ.રૂપલ અંકિત દંડ (ભિલાઈ) અને દ્વિતીય સૌ.પ્રભા ચેતનભાઈ છેડા વિજેતા રહેલ. સંપૂર્ણ વ્યવસ્થા માટે શ્રી અંકિત યોગેશ દંડ (ભિલાઈ), શ્રી મનીષ ઉત્તમચંદ લોડાયા, શ્રી જિનેશ ગિરીશ શાહ, સૌ.પૂજા હિતેશ મોમાયા, ચિ. હર્ષિતા ચંદ્રેશભાઈ છેડાએ સારી જહેમત કરેલ એ માટે એમનું વિશેષ આભાર માનવામાં આવેલ. ત્યારબાદ સાંજના હાઈ ટીનો આનંદ લીધેલ. સાંજે ૭ વાગે બધા સકુશલ રાયપુર પહોંચ્યા હતા. રિસોર્ટની વ્યવસ્થા માટે શ્રી ભાવિક શશીકાંત શાહનું વિશેષ સહયોગ માટે આભાર માનવામાં આવેલ.

# ડિગ્રી અભ્યાસ કરતા વડોદરા યુનિવર્સિટીમાં જ્ઞાતિની બે તેજસ્વી વિદ્યાર્થીની છાત્રાઓએ ગોલ્ડ મેડલ મેળવ્યા



નલિયા-વડોદરાની કુ. ઝરણા અનિલ ધનજી નાગડાએ વડોદરાની મહારાજા સયાજી રાવ યુનિવર્સિટીમાં એમ.કોમ. ડિગ્રી અભ્યાસ પરીક્ષામાં સર્વોચ્ચ ગુણાંક પ્રાપ્ત કરી ગોલ્ડ મેડલ મેળવ્યો (ફોટામાં ડાબી તરફથી) તથા કુ. ડિમ્પલ કમલેશ હીરજી નાગડાએ વડોદરાની મહારાજા યુનિવર્સિટી એમ.એસ. યુનિવર્સિટીમાંથી બી.એ./એલ.એલ.બી. ડિગ્રી અભ્યાસ પરીક્ષામાં સર્વોચ્ચ ગુણાંક મેળવી ગોલ્ડ મેલ્ડ મેળવવાની હકદાર થઈ છે.

જ્ઞાતિની આ બંન્ને તેજસ્વી યુવા છાત્રાઓની સિધ્ધિ માટે હાર્દિક અભિનંદન સાથે ભવિષ્યની તેજસ્વી કારકિર્દી માટે ભાવપૂર્વકની શુભકામના.

**શ્રી સમસ્ત કેડીઓ જૈન મહાજન,**
**મેડિકલ સમિતિ**



KDO SANJIVANI

## કેડીઓ સંજીવની

**માટેની વિગતવાર માહિતી માટે તથા મેડિકલ સહાય માટે**

**સંપર્ક:**

| | |
|---|---|
| મનીષા શાહ | 98695 76527 |
| ડો. ધારિણી નાગડા | 98197 22300 |
| ભરત મૈશેરી | 98200 58048 |
| રમેશ મોતા | 98196 55259 |

|| દંતાણી તીર્થ મંડન શ્રી સીમંધરસ્વામિને નમઃ ||

|| વિધિપક્ષ અચલગચ્છ પ્રવર્તક દાદા ગુરૂશ્રી આર્યરક્ષિતસૂરિ ગુરૂભ્યો નમઃ ||

શ્રી સીમંધરસ્વામિ પ્રશંસિત, મહાત્યાગી-ક્રિયોદ્ધારક, વિધિપક્ષ (અચલગચ્છ)
પ્રવર્તક પ.પૂ.દાદાગુરૂદેવ શ્રી આર્યરક્ષિતસૂરીશ્વરજી મહારાજાની જન્મ દીક્ષા ભૂમિની સ્મૃતિમાં નિર્મિત

## શ્રી આર્યરક્ષિત જૈન શ્વેતાંબર તીર્થ

**શ્રી સીમંધરસ્વામી વીશ વિહરમાન ૩૨ વિજય મહાવિદેહ તીર્થ**
**આમુલચૂલ ભવ્ય સંગેમરમર ૩૨ જિનાલય સહ**

દાદા ગુરૂ શ્રી આર્યરક્ષિતસૂરિજી મ.ના ગુરૂ મંદિર (દાદા વાડી)નું જીર્ણોધ્ધાર... નવ નિર્માણ

તીર્થ સંસ્થાપક : શાસન સમ્રાટ, અચલગચ્છાધિપતિ પ.પૂ.ગુરૂદેવ આ.ભ. શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મહારાજા

તીર્થ પ્રેરક : જીર્ણોધ્ધાર માર્ગદર્શક : પુણ્ય પ્રભાવક સામ્રાજ્ય,
અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મહારાજા

**અંજનશલાકા પ્રતિષ્ઠા મહામહોત્સવનો મુહૂર્ત :**
**વિ.સં. ૨૦૮૧ મહા વદ-૧ ગુરૂવાર. ૧૩/૨/૨૦૨૫**
**આજથી જ નક્કી કરો કે તમારે દંતાણી તીર્થની મુલાકાત લેવી છે.**

ઉત્તમ ભોજનશાળા - એસી/નોન એસી આધુનિક ધર્મશાળાની પરમ સુવિધા

• સંપર્ક: મેનેજર - ભરતભાઈ દંડ - 9929917712

**સૌજન્ય : શ્રી ભાવિન જયંતભાઈ સોની (સુથરી-ખાર)**

# આગામી સમય દરમ્યાન થનારા કેડીઓ જ્ઞાતિના વિવિધ કાર્યક્રમોની યાદી

**શ્રી ક.દ.ઓ. જ્ઞાતિમાં વિવિધ સંસ્થાઓ, મહાજનો, સંઘો દ્વારા ધાર્મિક, સાંસ્કૃતિક, સામાજિક અને શૈક્ષણિક ઉપયોગી પ્રવૃત્તિઓ આગામી ડીસેમ્બરથી ફેબ્રુઆરી માસ દરમ્યાન થવાની નિર્ધારીત છે. તેની તારીખ અને ટૂંકમાં વિગત અત્રે આપી છે. જે જ્ઞાતિજનોને ઉપયોગી થશે.**

| | |
|---|---|
| તા.૧૧ જાન્યુઆરી ૨૦૨૫ | શ્રી અજિતનાથ મહારાજ જૈન દેરાસર ટ્રસ્ટ, દલતુંગી આયોજિત સ્નેહમિલન, સવારે ૮.00 ક. થી ૩.00 ક. સુધી : મેવાળ કેશરી હોલ, ભાડુંપ, મુંબઈ. |
| તા. ૧૧ જાન્યુઆરી ૨૦૨૫ | શ્રી વરાડીયા ક.દ.ઓ જૈન જ્ઞાતિ મહાજનની વાર્ષિક સામાન્ય સભાઃ શ્રી વીરજી જીવરાજ મેપાણી હોલ, દેવપુંજ, મુલુંડઃ બપોરે ૨.૩૦ ક. |
| તા. ૧૧-૧૫ જાન્યુઆરી ૨૦૨૫ | ક.દ.ઓ. વિદ્યાર્થી સંઘ આયોજિત હલો પાન્જે વતન કચ્છ પ્રવાસ |
| તા. ૧૨ જાન્યુઆરી ૨૦૨૫ | વારાપધરના વારાપીર ઓલીયાની ૧૫મી સમુહ પહેડી. મેવાડ કેશરી હોલ, ભાડુંપ. બપોરે ૩.૩૦ ક. થી. |
| તા. ૧૨ જાન્યુઆરી ૨૦૨૫ | શ્રી ક.દ.ઓ. જૈન સર્વોદય મંડળ મુલુંડ આયોજિત મંડળની સ્થાપનાના ૬૦ વર્ષ નિમિત્તે સિદ્ધોત્સવ તથા મહિલાઓનો ભારતના લોક નૃત્ય કાર્યક્રમ મુલુંડમાં |
| તા. ૩૧ જાન્યુઆરી થી ૦૨ ફેબ્રુઆરી ૨૦૨૫ | શ્રી તેરા તીર્થ બને જિનાલયોનું ધ્વજારોહણ મહોત્સવ |
| તા. ૦૧ જાન્યુઆરી થી ૦૨ ફેબ્રુઆરી ૨૦૨૫ | નલિયા તીર્થ શ્રી ચંદ્રપ્રભસ્વામી તથા અન્ય જિનાલયની ૧૮૫ મી ધ્વજા નિમિત્તે મહોત્સવ. |
| તા. ૦૨ ફેબ્રુઆરી ૨૦૨૫ | શ્રી અચલગચ્છ જૈન સંઘ મંજલ રેલડીયાની વાર્ષિક સામાન્ય સભા તથા ટ્રસ્ટીઓની ચુંટણી, આર.કે.પાઠશાળા, ભાડુંપ |
| તા. ૦૮ ફેબ્રુઆરી થી ૦૯ ફેબ્રુઆરી ૨૦૨૫ | શ્રી વારાપધર આદિનાથ જિનાલય ૧૬૪ મુ ધ્વજારોહણ મહોત્સવ |
| તા. ૦૯ ફેબ્રુઆરી ૨૦૨૫ | વરાડીયામાં બિરાજમાન ડાઘા કુળદેવી શ્રી મોમઇ માતાજીની મુંબઈમાં સળંગ ૩૩મી પહેડી લાભાર્થી શા. દામજી વેલજી ડાઘા (કોઈમ્બતુર) પરીવાર મેવાડ કેશરી હોલ, ભાડુંપ. |
| તા. ૦૯ ફેબ્રુઆરી ૨૦૨૫ | વરાડીયા ગામમાં બિરાજમાન મોમાયા પરીવારના કુળદેવી શ્રી મોમાઇ માતાજીની ૩૧ મી સમુહ પહેડી ૦૯ ફેબ્રુઆરીના જીવરાજ ભાણજી હોલ, મુલુંડ |
| તા. ૧૦ ફેબ્રુઆરી ૨૦૨૫ | કોઠારા શ્રી શાંતિનાથજી જિનાલયની ૧૬૪ મી ધ્વજા મહોત્સવ. |
| તા. ૧૩ ફેબ્રુઆરી ૨૦૨૫ | શ્રી રાપર ગઢ તીર્થ શ્રી ગોડીયા પાર્શ્વનાથજી જિનાલય દ્વિતીય ધ્વજારોહણ મહોત્સવ. |
| તા. ૧૮ ફેબ્રુઆરી ૨૦૨૫ | મોટી સિંધોડી નેમનાથજી જિનાલય દ્વિતીય ધ્વજારોહણ મહોત્સવ. |
| તા. ૨૮ ફેબ્રુઆરી થી ૦૨ માર્ચ ૨૦૨૫ | સાંયરા તીર્થ ૧૪૭ મા ધ્વજારોહણ નિમિત્તે ત્રિહાનિકા મહોત્સવ |
| તા. ૦૧ માર્ચ ૨૦૨૫ | સાંયરા વિકાસ મંડળ આયોજિત સ્નેહમિલન સાંયરામાં |

# Anumodana

**Sanjivani Case - 163**

**Name: Mrs. Hiraben Vijay Lodaya** **Age : 77 yrs.** **Village: Varapadhar - Bhandup**

| | |
|---|---|
| **Emerald Patron** | |
| Matushri Vijayaben Shantilal Jethabhai Meisheri, Lala,Mulund,(Dubai), H: Tileshbhai & Nileshbhai | 5,000.00 |
| M/s. Vikamshi Fabrics Pvt. Ltd. Khamgaon | 5,000.00 |
| **Platinum Patron** | |
| Matushri Gunvanti J. Momaya, Varadia, Banglore | 2,500.00 |
| Swargiya Uttambhai K. Khona (Haste Smt. Khamaben U. Khona) Kothara, Sangli | 2,500.00 |
| Shri Tokarshi Anandji Lalka, Lala, Vashi, Navi Mumbai | 2,500.00 |
| **Gold Patron** | |
| Smt. Anita Jivraj Lodaya (Haste Kiyan Mikhil Lodaya) Moti Khavdi, Thane | 2,000.00 |
| Late Kumar Dhawal Mayur Lodaya( H: Matushri Jayaben Motilal Lodaya) Moti Khavdi , Ghatkopar | 2,000.00 |
| Sethshri Dhanraj Thakarshi Kurwa & Shrimati Dhanlaxmi Dhanraj Kurwa, Godhra (H: Hiten Shah) | 2,000.00 |
| Sethshri Manekji Narshi Lodaya (Babuseth) & Matushri Hirbai Manekji Lodaya, Varadia ( H: Hiten Shah) | 2,000.00 |
| Matushri Vejbai Vasanji Anandji Gala (Khajurwala), Manjal - Pune ( H: Hiten Shah ) | 2,000.00 |
| Sethshri Shantilal Jethabhai Khona & Matushri Jayabai S. Khona, Tera - Mulund ( H: Hiten Shah ) | 2,000.00 |
| Shrimati Chetna Lajesh Khona & Kalp L. Khona, Tera - Mulund ( H: Hiten Shah ) | 2,000.00 |
| Shri Yomesh Dhanraj Thakarshi Kurwa, Godhra - Gaondevi , Haste : ( Hina & Hemant M. Shah ) | 2,000.00 |
| AMVIGOR ORGANICS PRIVATE LIMITED | 2,000.00 |
| Miss Meher Jitesh Motichand Khona ( Naliya - Mulund) | 2,000.00 |
| Matushri Maniben Ramji Lodaya , Nani Khavdi , Sangli ( H: Pravinchandra & Vanrajbhai Lodaya) | 2,000.00 |

**Shree Samast KDO Jain Mahajan**

**Website: www.kdosm.org Email: Seva@kdosm.org Help: +91 75060 70851**

**Thank You Donors for your Generosity & Kindness**

## બેંક અકાઉન્ટની વિગત

### For NEFT Transfer

Type of Account : Saving
Account Number : 002001005497
Name of the Bank : Shri Arihant Co-op. Bank Ltd.
Branch : Mulund (West), Mumbai - 400 080.
Name Account : Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan
For Mobile App Transfer
Our IFSC Code : ICIC00ARIHT

**પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.**

Draw your cheque in the name of **'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan'** (and payable at par at Mumbai)

**ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક 'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan' ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવા જોઈએ.**

# Anumodana

## Sanjivani Case - 164

**Name: Mrs. Sunita Milan Gosar    Age : 42 yrs.    Village: Bayath - Ahmedabad**

| | |
|---|---|
| **Uranium Patron** | |
| Shri Anantnathji Maharaj jain Temple & Its Sadharan Fund Trust, Mumbai | 10,000.00 |
| **Sapphire Patron** | |
| Shri Raichand Hansraj Dharamshi Charitable Trust, Worli - Mumbai | 15,000.00 |
| **Uranium Patron** | |
| Matushri Laxmiben Hirji Valji Lalka, Sujapur - Dadar | 10,000.00 |
| **Emerald Patron** | |
| M/s. Vikamshi Fabrics Pvt. Ltd. Khamgaon | 5,000.00 |
| Matushri Vijayaben Shantilal Jethabhai Meisheri, Lala,Mulund,(Dubai), H: Tileshbhai & Nileshbhai | 5,000.00 |
| **Sanstha / Lifetime Patron** | |
| Shri KDO Jain Gnati Mahajan, Ahmedabad | 10,000.00 |
| Shri Chhatisgarh KDO Jain Gnati Mahajan, Raipur | 2,500.00 |
| Shri KDO Jain Samaj, Vadodara | 2,500.00 |
| Shri Bayath KDO Jain Mahajan Trust | 2,500.00 |
| Shree Tekuladhu Jain Yuvak Sangh Mumbai | 2,000.00 |
| **Platinum Patron** | |
| Matushri Gunvanti J. Momaya, Varadia, Banglore | 2,500.00 |
| Swargiya Uttambhai K. Khona (Haste Smt. Khamaben U. Khona) Kothara, Sangli | 2,500.00 |
| Shri Tokarshi Anandji Lalka, Lala, Vashi, Navi Mumbai | 2,500.00 |
| **Gold Patron** | |
| Shrimati Karunaben Motichand Khona, Naliya, Mulund | 2,000.00 |
| Late Kumar Dhawal Mayur Lodaya( H: Matushri Jayaben Motilal Lodaya) Moti Khavdi , Ghatkopar | 2,000.00 |
| Well Wisher | 2,000.00 |
| Sanghmata Bhartiben Bhagchand Damji Jain Pariwar, (H:Jayesh Jain), Kothara, Mulund | 2,000.00 |
| Matushri Maniben Ramji Lodaya , Nani Khavdi , Sangli ( H: Pravinchandra & Vanrajbhai Lodaya) | 2,000.00 |
| Well Wisher | 1,000.00 |
| **General Sanjivani Patron** | |
| Shri Hitesh Laxmichand Soni | 500.00 |
| **Individual Donors** | |
| Shri Dhaval Piyush Dand, Tera - Pune | 3,000.00 |
| Pramila Kuruwa Foundation, Ahmedabad | 3,000.00 |
| Shri Amit Jethalal Khona, Dombivli | 1,001.00 |
| Shri Girish Jivraj Desai (Lapasiya), Sayera - Raichur | 1,000.00 |
| Shri Hukamchand Javerchand Dharamsey | 1,000.00 |
| Shri Nitin Raichand Shah, Suthari - Deolali | 1,000.00 |
| Shri Hanskumar Laxmichand Chheda, Sujapur - Bhandup | 1,000.00 |
| Shrimati Darshana Bharat Dagha | 1,000.00 |
| Shri Deepesh C. Shah | 500.00 |
| Shri Shrikant Bankimchand Shah, Raichur | 500.00 |
| Shri Rohit Jivraj Poladia | 500.00 |
| Shri Pomesh Hirachand Momaya, Ghatkopar | 500.00 |
| Shri Mehul Chandrakant Vinzani (Hefa) | 500.00 |

**Shree Samast KDO Jain Mahajan**

**Website: www.kdosm.org    Email: Seva@kdosm.org    Help: +91 75060 70851**

**Thank You Donors for your Generosity & Kindness**

## Anumodana

**Sanjivani Case - 165**

**Name: Mrs. Taraben Damji Meisheri  Age : 75 yrs.  Village: Jakhau - Virar**


| | |
|---|---|
| **Emerald Patron** | |
| M/s. Vikamshi Fabrics Pvt. Ltd. Khamgaon | 5,000.00 |
| Matushri Vijayaben Shantilal Jethabhai Meisheri, Lala,Mulund,(Dubai), H: Tileshbhai & Nileshbhai | 5,000.00 |
| **Sanstha / Lifetime Patron** | |
| Shri KDO Jain Gnati Mahajan, Bangalore | 2,000.00 |
| Shree Tekuladhu Jain Yuvak Sangh Mumbai | 2,000.00 |
| **Platinum Patron** | |
| Matushri Gunvanti J. Momaya, Varadia, Banglore | 2,500.00 |
| Swargiya Uttambhai K. Khona (Haste Smt. Khamaben U. Khona) Kothara, Sangli | 2,500.00 |
| Shri Tokarshi Anandji Lalka, Lala, Vashi, Navi Mumbai | 2,500.00 |
| **Gold Patron** | |
| Late Kumar Dhawal Mayur Lodaya( H: Matushri Jayaben Motilal Lodaya) Moti Khavdi , Ghatkopar | 2,000.00 |
| AMVIGOR ORGANICS PRIVATE LIMITED | 2,000.00 |
| Miss Meher Jitesh Motichand Khona ( Naliya - Mulund) | 2,000.00 |
| Matushri Maniben Ramji Lodaya , Nani Khavdi , Sangli ( H: Pravinchandra & Vanrajbhai Lodaya) | 2,000.00 |
| Well Wisher | 1,000.00 |
| **Silver Patron** | |
| Sethshri Champshi Dhanji Dand ( Khamgamwala), H: Smt. Nilam Lalka (U.S.A) | 1,000.00 |
| Late Matushri Bayabai Jethabhai Punjabhai Lodaya (Sayra) H: Shailesh Jethalal Nagda (Varapadhar) | 1,000.00 |
| Shrimati Harsha Vipul Momaya | 1,000.00 |
| Shrimati Rita Manikant Lodaya (H: Rajendra Raghavji Nagda, Sandhan) | 1,000.00 |
| Late Shri Padamshibhai Kunvarji Lalka(Shah) H: Hemlataben Padamshibhai Lodaya | 1,000.00 |
| **General Sanjivani Patron** | |
| Shri Hitesh Laxmichand Soni | 500.00 |
| **Individual Donors** | |
| Shri Hukamchand Javerchand Dharamsey | 1,000.00 |

**Shree Samast KDO Jain Mahajan**

**Website: www.kdosm.org  Email: Seva@kdosm.org  Help: +91 75060 70851**

**Thank You Donors for your Generosity & Kindness**

# ભાવભીની શ્રદ્ધાંજલિ



**ધીરજભાઈ ધુલ્લા**
તા.૨૨ ડિસેમ્બર (ઉ.૬૮)
દલતુંગી



**લક્ષ્મીબાઈ ચૂરલા**
તા.૨૪ ડિસેમ્બર (ઉ.૮૯)
સાંધાણ-આદિપુર



**મધુરીબેન મોતા**
તા.૨૫ ડિસેમ્બર (ઉ.૭૮)
તેરા-મુલુંડ



**સૂર્યાબાલા વિકમશી**
તા.૨૮ ડિસેમ્બર (ઉ.૮૯)
પરજાઉ-દેવનાર

**આ કોલમમાં આપના કુટુંબીજનોને આપ વિનામૂલ્યે શ્રદ્ધાંજલિ આપી શકશો. વિગતમાં આપ નામ, ફોટો, ઉંમર અને હાલ વસવાટની વિગત વિનામૂલ્યે આપવામાં આવશે.**



# વતનજા વાવડ ...



– સં. રાજન ચંદે 'ધૂની'

● અમરેલી જિલ્લાના લાઠી ખાતે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે વિવિધ પ્રકલ્પોના લોકાપર્ણ અંતર્ગત ૧૧૦૦ કરોડના ખર્ચે આકાર પામેલા ભુજ નલિયા ગેજ પરિવર્તનના પ્રકલ્પનું પણ લોકાપર્ણ કરાયું. આ પરિયોજનાથી રેલવે સેવાથી જિલ્લાનો અંતિમ છેડાના વંચિત વિસ્તાર રેલવે નેટવર્ક સાથે જોડાયો છે. આ રેલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પરિયોજનાએ રાષ્ટ્ર નિર્માણ પ્રક્રિયામાં બહુ મોટો ફાળો આપ્યો છે. આ યોજનાથી રોજગારના વધુ અવસર પ્રપ્ત થશે. જેનાથી અબડાસા તાલુકાના સામાજિક અને આર્થિક પરિસ્થિતિમાં સુધારો આવશે. ૧૦૧-૪૦ કિ.મી.ની મીટરગેજ લાઈનને બ્રોડગેજમાં પરિવર્તિત કરવા માટે ૨૪ મોટા પુલ, ૨૫૪ નાના પુલ, ૩ આર.ઓ.બી. અને ૩૦ રોડ અંડર બ્રિજ બનાવવામાં આવ્યા છે. ભુજ નલિયા સેક્શનમાં ૧૧ નવા રેલવે સ્ટેશનોનું નિર્માણ કરવામાં આવ્યું છે.

● અંજાર તાલુકાના વિકસીત ગામ તરીકે જેની ગણના થાય છે તેવા ચાંદ્રાણી ગામમાં દોઢ દાયકા અગાઉ વર્ષ ૨૦૦૯માં ભાગવતાચાર્ય પૂ.રમેશભાઈ ઓઝા ભાઈશ્રીની પ્રેરણાથી શ્રી કૃષ્ણ ગૌ સેવા મંડળ સંચાલિત ગૌ સેવાનો પ્રારંભ થયો. ૫૧ એકર જેટલી જગામાં ફેલાયેલ ગૌશાળા પરિસર જેમાં ૪૫ એકર ભૂમિ ગૌવંશના ચરિયાણ માટે જ રાખવામાં આવી છે. હાલે ૪૦૦ કરતાં વધારે ગૌમાતાઓ વિવિધ સુવિધાઓ સાથે નિવાસ કરી રહી છે. ગૌશાળામાં ગૌમાતાઓ માટે રોડ, ઘાસચારાના સંગ્રહ માટે ગોદામો, ગૌમાતા માટે પીવાના પાણીની સુવિધા સહિતની સવલતો કરાઈ છે. અત્રે કોઈ રોકડ રકમ દાન સ્વરૂપે સ્વીકારવામાં નથી આવતી માત્ર ગૌમાતાઓ માટે ઘાસચારો, ખોળ, શાકભાજી, ગોળ સહિત ખાદ્ય વસ્તુઓ જ સ્વીકારવામાં આવે છે.

● રાજકોટ શહેરના સિનિયર યુરોલોજિસ્ટ અને મૂળ કચ્છ અબડાસા તાલુકાના મોથાળા ગામના ડૉ.જિતેન્દ્ર અમલાણીની અમદાવાદની પ્રસિદ્ધ કિડની હોસ્પિટલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ કિડીની ડિસીજી એન્ડ રિસર્ચ સેન્ટર અને ટ્રાન્સપ્લાન્ટ ઈન્સ્ટિટ્યૂટના ગર્વર્નિંગ બોર્ડમાં ગુજરાત સરકાર દ્વારા નિમણૂંક કરવામાં આવી છે. છેલ્લા ૩૦ વર્ષથી યુરોલોજી ક્ષેત્રે સેવાઓ આપતાં ડૉ.અમલાણી ૧૦૦ થી વધુ નિઃશુલ્ક યુરોલોજીના કેમ્પ કર્યા છે. તેમની સેવાઓ બદલ યુરોલોજી સોસાયટી ઓફ ઈન્ડિયા વેસ્ટ ઝોન દ્વારા વર્ષ ૨૦૧૬માં સુવર્ણ ચંદ્રક એનાયત કરી સન્માન ગૌરવ કરાયું હતું. હાલમાં તેઓ રાજકોટની પી.ડી.યુ.મેડિકલ કોલેજ અને સિવિલ હોસ્પિટલ તેમજ સૌરાષ્ટ્રની બી.ટી.સવાણી હોસ્પિટલ ઉપરાંત એઈમ્સ રાજકોટમાં પોતાની સેવાઓ આપી રહ્યાં છે.

● ભુજનું વિહાર સેવા ગ્રુપ એ એવા યુવાઓનું ગ્રુપ છે જે કોઈપણ સંપ્રદાયના સાધુસંતોની સેવા કારતક સુદ પુનમથી આઠ મહિના સુધી એટલે કે બીજો ચાતુર્માસ શરૂ ન થાય ત્યાં સુધી કરે છે. આ ગ્રુપ તેમને એક ગામથી બીજા ગામ પહોંચાડવાનું કાર્ય કરે છે. આ વિહાર સેવા ગ્રુપ ભુજની સ્થાપના ૫ ડિસેમ્બર ૨૦૧૮ના પૂ.પ્રદીપચંદ્રસૂરિ મ.સા. અને તેમના શિષ્ય પૂ.મુનિ મહા હંસવિજયજી મ.સા.ની પ્રેરણાથી ૧૦ થી ૧૨ યુવાઓ ભેગા થયા અને વિહાર સેવા ગ્રુપની શરૂઆત કરી. આજ વર્ષે માંડવી, મુંદરા અને ભુજમાં સેવા ગ્રુપ શરૂ થયાં. આ સિવાય અંજાર, ગાંધીધામ, નખત્રાણા તથા માનકૂવામધ્યે પણ વિહાર સેવા ખૂબ સરસ રીતે ચાલે છે. ભુજમાં ૨૭ સભ્યોથી શરૂઆત થઈ હતી. આજે ૧૯૦ સભ્યો છે. વર્ષ ૨૦૧૮-૧૯માં ૭૯ વિહારથી આરંભિક થયેલ આ અભિયાન ૨૦૨૩ વર્ષમાં ૨૬૧ વિહાર સુધી પહોંચ્યું છે. ગ્રુપના સભ્યોએ પાંચ વર્ષના ગાળામાં ૨૪૫૭ કિ.મી.નો પગપાળા પ્રવાસ કરીને ૧૪૪૦ મહાત્માઓને તેમના ગંતવ્ય સ્થાને પહોંચડાયા છે.

DON'T

# Compromise!




Portability Benefits Available



## COMPARE, SCRUTINIZE & DECIDE

Karani

: For Details Contact Us :

YASHODHAN KARANI 98211 37737

DEEPAK KARANI 98210 82664

DEEPAK MOMAYA 93233 44737

KALPESH LODAYA 93248 33133

- ☑ Global Cover
- ☑ No Room Rent Restrictions
- ☑ Consumables Benefit Cover
- ☑ Maternity Cover
- ☑ Emergency Air Ambulance
- ☑ OPD Dental Treatment Upto 10000/-
- ☑ OPD Treatment Upto 5000/-
- ☑ 60 Days-Pre & 90Days Post Hospitalisation
- ☑ Road Ambulance 5000 per Hospitalisation
- ☑ Compassionate Travel Upto 20000
- ☑ High End Diagnostic upto 25000
- ☑ Bariatric Surgery Cover
- ☑ No Claim Bonus 50% every year upto 100%
- ☑ Long Term Policy Discount 10% for 3 yrs Policy

*T & C APPLY

# insurancekhoj.com™

**the ultimate stop for insurance™**

#404, BPS PLAZA, DEVI DAYAL ROAD, MULUND (W), MUMBAI - 400080.

90049 99900 / 93221 37737 79771 01415 insurancekhoj@gmail.com

LOCATIONS : GUJARAT | MAHARASHTRA | MADHYA PRADESH | KARNATAKA